
सा विद्या या विमुक्तये



गुरोस्तु मौनं व्याख्यानं

# કાષ્ઠે ફૂટી કૂંપળો

ગણેશભાઈ ડાભી






લોકભારતી

‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૧૦

# કાષ્ઠે ફૂટી કૂંપળો



લેખક :ગણેશભાઈ ડાભી

લોકભારતી પ્રકાશન


સણોસરા – ૩૬૪ ૨૩૦ તા. શિહોર (જિ. ભાવનગર)

***************

પ્રકાશક : નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬
સંકલન : જુગલકિશોર
૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.
ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ–મેઇલ : jjugalkishor@gmail.com



અર્પણ
જેમણે
નિર્વ્યાજ સ્નેહે સિંચ્યા છે
અનેરાં સંસ્કાર સુધા વારિ નિત્યે
એવા
માનવ બાગના માળી
વાત્સલ્યમૂર્તિ, પુણ્યશ્લોક – જીવનશિલ્પી
આ. શ્રી નાનાભાઈ ભટ્ટ
આ. શ્રી મનુભાઈ પંચોળી
આ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
આ. શ્રી નટવરલાલ બુચ
... એ સહુને ઋણભાવે અર્પણ
ગણેશ ડાભી 'વત્સલ'

## Contents

# અનુક્રમ

ઉપહાર ........ 4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર ! ........ 5

ખારે દરિયે મીઠી વીરડી ........ 7

સમાજ જ વિશ્વવિદ્યાપીઠ ........ 17

“વધુ અનાજ પકવો”ની ઝુંબેશ નીચે ભાવનગર રાજ્યે મને જમીન આપી ........ 20

વિદ્યાનું વિતરણ વરતેજ આશ્રમે ........ 23

લોકભારતીમાં અભ્યાસ ........ 27


બગાસું ખાતાં પતાસું : મણાર લોકશાળામાં ........ 31

જીબીટીસીની તાલીમ અને તેના જ અનુસંધાને એસએસ.સી.બોર્ડના સભ્ય તરીકે નિમણૂક ........ 35

અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ કરાવી ........ 38

મધુરેણ સમાપયેત ........ 43

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, “લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી.” ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ “ઝાડનાં પારખાં ફળ પરથી” એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને ‘કોડિયું’ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને

લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા**ની કિંમતી મદદ લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## ખારે દરિયે મીઠી વીરડી

અમારા બાપદાદાઓ કોઈ ભણેલા નહીં. એક તો તળાજા વિસ્તાર ! અને એમાંય દરિયાકાંઠે એક ખૂણામાં પડેલું પાણિયાળી ગામ. ગામમાં વસ્તી કોળી અને ગરાસદાર ભાઈઓની. બેમાંથી એકેયને ભણતર સાથે કાંઈ લેવાદેવા નહીં.

ગામમાં નિશાળ જ નહીં. અમે થોડાક છોકરાઓ કુકડ ભણવા જતા. રોજ સવારે ભાતું લઈ ને ઊપડી જતા અને સાંજે પાછા આવતા. શિયાળે-ઉનાળે તો ઠીક પણ ચોમાસે ગોઠણ ગોઠણ સમાણો ગારો ખૂંદતાં ખૂંદતાં જવાનું. વરસાદ આવે અને નદીમાં પૂર આવે તો ઘેર પહોંચવાની વિમાસણ. આવે વખતે વળી પહોંચવાનું મામાને ગામ રામપર ! પછી તો બીજે કે ત્રીજે દિવસે ઘેર પહોંચવાનું શક્ય બને. આમ ભણાવાનું ચાલ્યા કરે.

આ દિવસોમાં ભાવનગરના દીવાન આવ્યા , મીઠીવીરડી હવા ખાવા. વસૂલાતી અધિકારી રહ્યા અમારા ગામના ઉતારામાં અને વેણીભાઈ ભટ્ટને અમારું નવું ઘર ખાલી કરી આપ્યું...અને અમે રહ્યા બાજુમાં કડબનું ઝૂપડું બાંધીને. એટલે વેણીભાઈને અમારા કુટુંબ ઉપર ભાવ. એક વાર તેમણે મને પૂછ્યું કે ગણેશ ! તારે આંબલા ભણવા જવું છે ? ત્યાં નાનાભાઈએ નવી નિશાળ શરૂ કરી છે.

નવી નિશાળની વાત સાંભળીને મેં તો પાડી હા. મારા બાપને તો આ અણધાર્યું થયા જેવું બન્યું. એટલે કહે કે "સાહેબ ! છોકરો હજી નાનો છે એટલે મારો જીવ ચાલતો નથી. " પણ હું અને મારા મુખીદાદાનો દીકરો કરશન બંને થઈ ગયા તૈયાર ! મારા બાપા તો માંડ માંડ માન્યા !

વેણીભાઈએ ચિઠ્ઠી લખી આપી. અમે બિસ્ત્રાપોટલા સાથે પહોંચ્યા આંબલા.



શિક્ષકો પોતાની વાણીથી શીખવે તેનાં કરતાં પોતાના વ્યવહાર-આચરણથી શીખવે તેની ઘણી મોટી કિંમત છે.

નાનાભાઈ રેંટિયો લઈને કાંતતા હતા. મને તો નાનાભાઈ ગાંધીજી જેવા જ લાગ્યા.


ચિઠ્ઠી વાંચીને કહે ,“મનુભાઈ ! આ બે છોકરાઓ સામેથી આવ્યા છે. રાખી લેશું ને ?” એટલે મનુભાઈએ કહ્યું કે “ભલે રહ્યા. આપણે મહિના દિવસ પછી તો લોકશાળા શરૂ કરવી જ છે ને ? અત્યારે ભણશે આપણી પ્રાથમિક શાળામાં.” અમને થયું કે હાશ ! અમને રાખ્યા તો ખરા.
નાનાભાઈ તે વખતે ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થા છોડીને નવા નવા જ ગામડામાં આવેલા. ગામડાનું જીવન તેમને માટે હજી નવું નવું. અજવાળી બા હજી આવ્યાં નહોતાં. નાનાભાઈ, મનુભાઈ, વિજ્યાબહેન અને અમે સૌ સંસ્થાના રસોડે જ જમતાં. વિદ્યાર્થીઓ-શિક્ષકોનો એક નાનકડો પરિવાર.મહિનાએક દિવસમાં લોકશાળા શરૂ થઈ. ઓડ લોકોએ ચણી આપેલાં માટીનાં મકાન તૈયાર હતાં.



**આંબલા લોકશાળાનું કાચું મકાન અને સંસ્થાનું પ્રતીક**

તેમાં ગાર ગોરમટી કરીને રહેવા લાગ્યા. શરૂઆતમાં અમને તેર જણને દાખલ કર્યા. અમે તો કોઈ ચોથા ધોરણમાં હતા, કોઈ પાંચમા ધોરણમાં હતા તો કોઈ વળી છઠ્ઠા અને સાતમા ધોરણમાંય હતા.

કર્યો બધો ખીચડો ભેળો. અમને બધાને સાથે ભાણાવે. શું ભણાવવું તેય નક્કી ક્યાં હતું ! અમને ભણાવતા જાય અને અમે શું શું ગ્રહણ કર્યું તે નોંધતા જાય. તેના ઉપરથી અનુભવે અભ્યાસક્રમ થયો તૈયાર !




**આરંભના ૧૩ વિદ્યાર્થીઓમાંના ચોથે નંબરે પોતાને દર્શાવતા ગણેશભાઈ**

પાઠ્ય પુસ્તકોય ક્યાં હતાં ! અમને જે કાંઈ ભણાવતા તેની ટૂંક નોંધ અમે નોટમાં કરી લેતા. હા, વિષયોને અનુરૂપ એવી થોડી ચોપડીઓ લાવેલા તે અમને વાંચવા આપતા. દિવસે વર્ગો , ઉદ્યોગ, રમતગમત વગેરે ચાલે અને સાંજની પ્રાર્થના પછી જામે રાત્રિપ્રવૃત્તિ. કોઈ વાર વાર્તાઓ કહેવાય, કોઈ વાર સાહસકથાઓ કહેવાય. કોઈ વાર પ્રવાસકથાઓ તો વળી અવનવી પ્રશ્નોત્તરીય થાય. જે જિજ્ઞાસા હોય તે કાર્યક્રમ ચાલે. કોઈ વાર અલકમલકની વાતોય થાય. આમ અમારો અભ્યાસ ચાલ્યા કરતો.

નાનાભાઈએ એક વાર અમને પૂછ્યું , આપણે ગાયો લાવીએ તો તમે ચાકરી કરશો ? ભાવનગરના મહારાજાએ મને કહ્યું છે કે,“નાનાભાઈ ! મારી ગોશાળામાં જે બે ગાયો ઉપર તમે હાથ મૂકો તે ગાયો તમારી.” અમે નાનાભાઈને કહ્યું કે , નાનાભાઈ ! અમે ગાયોની ચાકરી કરશું. ખુશીથી

ગાયો લાવો એટલે બે ગાયો આવી. ગંગા અને જમના. અમે ગાયોને નીરણ કરીએ , ખાણ ખવડાવીએ અને મનુભાઈ કછોટો વાળીને ગાયો દોહવા લાગે. વહેલી સવારે ચાર વાગે અમે સૂતા હોઈએ એટલે તે વેળાની નીરણ મનુભાઈ કરે. નાસ્તો કરીને ગૌશાળાની સફાઈ અમે કરતા. નાસ્તા વખતે તાજા દૂધનાં બોઘરડાં આવે. તેમાંથી બોઘરડાની ધારે સૌને નાસ્તા માટે દૂધ મળતું. નાનાભાઈ કોઈ વાર પોતાના વાટકામાંથી થોડું દૂધ મારા જેવા વિદ્યાર્થીને આપતા. "લો ગણેશભાઈ ! તમે દૂધ વધારે ખાઈ શકશો. મને આટલું બધું જરૂરી નથી."

અમે સંસ્થાની વાડીમાં કામ કરતા હોઈએ ત્યારે નાનાભાઈ ત્યાં આવી ચડે. અમે એક વાર આંબાનાં ખામણાં ગોડવામાં તલ્લીન અને નાનાભાઈ આવી ચડ્યા. બારીકાઈથી અમારું કામ જોતા જાય. મારી નજીક આવ્યા એટલે મારાથી સહેજે પુછાઈ ગયું : નાનાભાઈ ! ખામણું કેવું સરસ થયું ? એટલે નાનાભાઈ ઠાવકાઈથી કહે, હા, સરસ ખામણું બનાવ્યું હો ! અને પાછા કહે, આ આંબો મોટો થશે અને તમારાં છોકરાં અહીં ભણવા આવશે ત્યારે તે છાતી ફુલાવીને કહેશે કે આ આંબો મારા બાપાએ ઉછેર્યો છે. મને તો એટલું હસવું આવ્યું એટલું હસવું આવ્યું ! અને ખરેખર યથા સમયે જ્યારે પ્રવીણ, ઇન્દુ, આશા, અને અશોક સૌ આ જ સંસ્થામાં ભણી ગયાં ત્યારે મને નાનાભાઈના બોલ યાદ આવતા.



વાડીમાં નવાં નવાં ફળઝાડ રોપવાનું ચાલ્યા કરતું. ચીકુનો બગીચો કરવાનો હતો. એટલે તે માટે ૩ ' બાય ૩ 'ના ખાડા ગાળવા અમે તીકમપાવડા લઈને જતા. મનુભાઈ ઘણી વાર ખાડા ગાળવાના કામમાં જોડાય. પરસેવે રેબઝેબ થઈને કામ કર્યે જઈએ. પણ મનુભાઈ સાથે કામ કરતાં કરતાં એવી વાતો જામે કે છૂટવાનો બેલ ક્યારે પડ્યો તેનીય ખબર ન રહે.

ચોમાસામાં વર્ગો ચાલતા હોય અને વરસાદ તૂટી પડે એટલે વરસતા વરસાદમાં મનુભાઈ અમને ડુંગરામાં ફરવા ઉપાડે. અને રખડી રખડીને પાછા આવીએ અને ટાઢથી ધ્રૂજતા હોઈએ ત્યારે રસોડે સૂંઠિયું બનાવીને અમને ખવડાવે.

સાંજ વખતના આંબાવાડિયામાં હુતુતુની રમઝટ જામે. મનુભાઈ અમારી સાથે રમતમાં ઊતરે. અમારામાંના મોટા મોટા વિદ્યાર્થીઓ તેમની સામે ટક્કર ઝીલે ખરા. અને ક્યારેક મનુભાઈની ટુકડીને હરાવતાય ખરા. ત્યારે તે હસતાં હસતાં અમને કહેતા કે શિષ્યો અમને હરાવે તેવું અમે ઇચ્છીએ છીએ.

રમતગમતમાં કે ફરવા જતાં કે ખેતી કામમાં ક્યારેક તો હળવી વાતોમાં ચગતા. મનુભાઈ અમારી વાતોમાં રસ લેતા અને તેમાંથી પોતેય અવનવી વાતો છેડતા અને તે સાંભળવામાં અમને ભારે રસ પડતો.

**છાપવા જેવી મારી કવિતા**



મનુભાઈ કાવ્યો ભણાવતા હોય ત્યારે તો કોઈ ઑર જ રસ પડતો. મને તો એને લીધે એવું ઘેલું લાગ્યું કે લાવને ગુજરાતી ભાષાનાં અનેકવિધ કાવ્યોનો મોટો સંગ્રહ ભેગો કરું ? એટલે જે જે ગીતો ગમી ગયાં તે લખીલખીને એક મોટો ચોપડો બાંધ્યો. અને પછી તો એમ થયું કે ગુજરાતી કાવ્યોનો તો કોઈ પાર નથી. અને તેની ચોપડીઓય મળે છે તે મેળવીને વાંચ્યા કરીએ. આમ આ કાવ્યશોખમાંથી સૂઝ્યું કાવ્યો રચવાનું. આવી કાવ્યરચનાઓ તો આપણેય કેમ ન બનાવી શકીએ ? એટલે મેં તો ભાંગીતૂટી રચાનાઓ શરૂ કરી દીધી ! આ રચનાઓ મનુભાઈ રસપૂર્વક જોયા કરતા. અને જ્યાં કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ કમેળ વરતાય ત્યાં સુધારો કરવાનું સૂચવતા. એમ કરતાં કરતાં રચના ઠીક થઈ જતી. મારા સહાધ્યાયીઓ મને કવિ કવિ કહીને ખીજવતા. અને કોઈ તો કહેતા કે અરે ! આ તો કવિ નહીં પણ મોટો કવો થઈ જવાનો લાગે છે. મનુભાઈને ખ્યાલ આવ્યો કે માળું ! આ છોકરાઓ આને નાહક પજવે છે. એટલે એમણે સમજાવટથી મઠાર્યા. એક વાર તો વર્ગમાં સૌને આવી રચનાઓ કરવા પ્રેર્યા.

હું તો કવિતા કરતો નિજાનંદની મસ્તી ખાતર. મારી કવિતા કોઈ છાપવા માગશે તેવી તો કલ્પનાય નહીં. પણ મનુભાઈના પ્રોત્સાહનથી રચનાઓ સુધરતી ગઈ ! અને તેમાંથી કેટલીક રચનાઓ ઊર્મિ-નવરચના અને કોડિયું વગેરેમાં છપાઈ ત્યારે થયું કે વાહ ! મારી કવિતા પણ છાપવા જેવી બનતી લાગે છે ! ક્યારેક ક્યારેક કવિમુશાયરાઓમાં કવિતા રજૂ કરવાની તક સાંપડતી ત્યારે રચના કર્યાનો સંતોષ મળતો.

અંતરે ઊછળતાં સંવેદનોને વ્યક્ત કરવા આમ રચનાઓ કરવાનું અવારનવાર ચાલ્યા કરે. કાળક્રમે સુધારા થાય અને એમાંથી કાંઈક સંતોષ થાય તેવી રચના બની જાય એટલે અત્યંત આનંદ આનંદ ! આવી આનંદની અનુભૂતિ એ મોટી ચીજ છે ને ! બીજું શું જોઈએ ?


છાત્રાલયમાં હું તો સૌથી નાનો વિદ્યાર્થી. કાંઈક ગભરુ , કાંઈક શરમાળ અને કાંઈક ખિજાળ પણ ખરો. ક્યારેક વાતવાતમાં ખિજાઈ જતો. અને ખિજાતો ત્યારે વિજ્યાબહેન મને વારતાં અને કહેતાં ઓહોહો ? આ તો તીખું મરચું ભાઈ ! આટલો બધો ખિજાયા શું કરે છે ? આવી વાતો તો હસીને કાઢી નાખીએ !

નાતજાતના ભેદભાવ વચ્ચે

આંબલાની પ્રાથમિક શાળામાં તે વખતે આત્મારામભાઈ શર્મા કામ કરે. એમણે વાત મૂકી કે આપણે શાળામાં ભણતાં હરિજન બાળકોને નદીએ નહાવા લઈ જઈએ. તમે આવશો મારી સાથે ? એટલે અમે બેત્રણ જણ થઈ ગયા તૈયાર. બાળકોને સરસ રીતે નવડાવ્યાં. સૌએ વાળ ઓળ્યા અને બધા બનીઠનીને તૈયાર થઈ ગયાં એટલે અમો ગીતો ઝિલાવતાં ઝિલાવતાં લઈ આવ્યા પ્રાથમિક શાળાએ. આત્મારામભાઈ તો રાજી રાજી થઈ ગયા. કહ્યું , શાબાશ ! આજે તમે એક પુણ્યનું કામ કર્યું છે. પણ અમારા સહાધ્યાયીઓ રૂઠ્યા ! કહ્યું કે તમે અમારાથી છેટા બેસો. તમે તો હરિજનના છોકરાઓને અડીને આવો છો એટલે છેટાં બેસીને જમો. મનુભાઈ-વિજ્યાબહેનને આ વાતની ખબર પડી. તેઓ અમારી બાજુમાં જ જમવા બેઠાં અને અમને પીરસ્યુંય ખરું એટલે પ્રશ્ન પતી ગયો.

નાતજાતના ભેદભાવ તો અમારા મનમાં કેવા ઘર કરી બેઠા હતા ! અમારી સાથેના કણબી પટેલના છોકરાઓ અમને ડડયક્યાં ડડયક્યાં કહેતા. અમે તેને રોંચા રોંચા કહેતા. તેઓ એમ પણ કહેતા કે કોળી કળ નહીં ને લીંબોળી ફળ નહીં. હું તો કોઈ વાર ખિજાઉં ને મનુભાઈ પાસે જાઉં. મનુભાઈ વળી આપણી લોકકથાઓ અને સંતકથાઓમાંથી કહેવાતી હલકી કોમોમાંથીય કેવા ઉમદા જીવનવાળા નીકળ્યા તેનાં ઉદાહરણો આપતા. આવું બધું ચાલ્યા કરતું.

એક વાર વૅકેશન પડવાને પખવાડિયાની વાર હતી. મારા બાપા આંબલા આવ્યા. જમી કરીને પછી મને પાસે બોલાવ્યો અને ગંભીરતાથી કહ્યું કે તારાં બા બીમાર છે. તારે મોઢું જોવું હોય તો ચાલ. મને તો ફાળ પડી. બા બીમાર છે ? અને તેય આટલાં બધાં બીમાર છે ? મારા બાપાએ ધીરે રહીને મને કહ્યું કે ચાલ તારી આ બૅગ જૂની છે તે સાથે લઈ લે. પાછો આવીશ ત્યારે નવી લઈ આપશું. અને આ બિસ્ત્રોય લઈ લે, ધોયેલાં ગોદડાં આપશું. મેં તો બધું લઈ લીધું અને પહોંચ્યો મારે ગામ ! પણ આ તો આશ્ચર્ય ! મારાં બા તો દાડમના બગીચામાં ઘાસ નીંદતાં હતાં ! મને તો કાંઈ ગમ જ પડી નહીં ! પણ જ્યારે મારાં બાને પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે “એ... ઓલ્યા તળાટીએ તારા બાપાના કાન ભંભેર્યા છે કે તમારો છોકરો હવે ગાંધીમાં ભળી ગયો. તમારો છોકરો હવે હાર્યા-દોર્યામાં રહેશે નહીં. એટલે એકદમ ફાળ્યે થયા અને આવ્યા એકદમ તેડવા !”

**ગણેશભાઈના બાપા શાર્દૂલભાઈ તથા મા મોંઘીમા**


હું તો બધી વાત પામી ગયો ! પણ કાંઈ બોલવા ચાલવાનું નહીં ! આખો દિવસ બાપાની આજ્ઞા પ્રમાણે દાડમના બગીચામાં પાણી વાળ્યા કરું ને સાંજે આવીને તેમની પગચંપી કરું એટલે બાપાને ખાતરી થાય કે છોકરો વંઠી તો નથી ગયો.

વૅકેશન પૂરું થયું પણ હું તો કામમાં રચ્યો પચ્યો. આંબલા જવાનુંય નામ લઉં નહીં ! એવામાં નાનાભાઈ અને વેણીભાઈ આવ્યા અમારે ઘરે. પૂછ્યું : "કેમ પટેલ, છોકરાને હજી આંબલા કેમ નથી મોકલ્યો?' મારા બાપાએ કહ્યું કે, નાનાભાઈ ! ત્યાં ભણાવીએ તો છોકરાને કઈ નોકરી મળે ? તમે તો કહો છો કે અમે છોકરાઓ ભણીગણીને સારા ખેડૂત બને તેવું ઇચ્છીએ છીએ. તો નાનાભાઈ, ખેડૂત તો અમારે ત્યાંય બને છે ? આંબલા શું કામ મોકલીએ ? અમારે જમીન થોડી છે એટલે છોકરો નોકરીએ ચડે તો જ અમારો પ્રશ્ન પતે. પણ વેણીભાઈ બોલ્યા કે છોકરાને ભણ્યા પછી ખેતી કરવી હશે તો તેને જમીન આપવા હું ભાવનગરના મહારાજાને કહીશ, પટેલ. છોકરાને ભણવા મોકલી દો. તેમણે મારી સામે જોઈને પૂછ્યું કે કેમ ગણેશ ! આંબલા પહોંચી જવું છે ને ! હું તો તરત તૈયાર – અને પહોંચી ગયો આંબલા !

ભણતો હતો ત્યારે એક વાર એવું બન્યું કે વૅકેશનમાં હું ઘેર ગયો તે વેળાએ અમારા દાડમડીના બગીચામાં કોઈક બેઠા હોય તેવો અવાજ આવ્યો. હું તો ગયો બગીચામાં. ત્યાં એકબીજાને દારૂની પ્યાલીઓ આપતા હતા. અરે ! આ તો દારૂની મહેફિલ મંડાણી છે ! અને મારા બાપા પણ તેની સાથે બેઠા છે ! હું તો જોઈ જ રહ્યો ! સંસ્થામાં મનુભાઈ અમને કહેતા કે "દારૂનાં પીઠાં બંધ કરાવવા મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ કરવા બહેનોને આદેશ આપ્યો છે. હવે ! અહીં

મારે શું કરવું ? બાજુમાં પાણીનો ધોરિયો ચાલ્યો જતો હતો. તેમાંથી અંજલી ભરીને પાણી લીધું અને કહ્યું કે “જો મારા બાપા દારૂ પીએ તો મારે આજથી અન્નજળ હરામ છે.” એમ કહીને ફટ્ દઈને પાછો ફરી ગયો અને સદ્દભાગ્યે મારા બાપા ત્યાંથી ઊઠી ગયા. અને તરત દારૂ નહીં પીવાની ખાત્રી આપી એટલે મને થયું હાશ ! કસોટીમાંથી પાર તો ઊતર્યો.

1942માં મારો લોકશાળાનો અભ્યાસક્રમ પૂરો થયો. તે દરમિયાન શ્રી કાકાસાહેબ કાલેલકર સંસ્થામાં આવ્યા. તેમણે અમને પૂછ્યું, બોલો છોકરાઓ, હવે તમે શું કરશો ? મોટા ભાગના ખેડૂતના છોકરાઓ હતા. એટલે સૌએ કહ્યું કે અમે ખેતી કરશું. પણ અમારે જમીન પૂરતી નહીં એટલે મેં ઉચ્ચ શિક્ષણ લેવાની વાત કરી. પણ સંસ્થાનું સર્ટિફિકેટ કોણ માન્ય કરે ? પરંતુ કાકાસાહેબે તો કહ્યું કે તમને ઉચ્ચ શિક્ષણ જરૂર મળશે. આ સમાજ છે તે એક વિશ્વવિદ્યાપીઠ છે. જાઓ, સમાજની સેવા કરો એટલે તમને આપોઆપ ઉચ્ચ શિક્ષણ મળી જશે.



# ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા,

## આંબલા–કાઠિયાવાડ

ચિ. ગણેશભાઈ શાદુળભાઈ એ અમારી લોકશાળામાં રહીને નીચે જણાવેલા વિષયોનો અભ્યાસ કર્યો છે તથા ખેતીની વ્યવહારુ તાલીમ પણ લીધી છે.

(૧) ખેતી–ગોપાલન
(૨) પીંજણ–કાંતણ
(૩) વિજ્ઞાન–ગણિત
(૪) ગૂજરાતી–હિંદી–સંસ્કૃત
(૫) સમાજશાસ્ત્ર–ઈતિહાસ–ભૂગોળ
(૬) ધર્મ

ભવિષ્યમાં એક સંસ્કારી શ્રમજીવીને શોભે એવું જીવન એ જીવે એવી એમની પાસેથી અમે આશા રાખીએ છીએ.

મિતિ ફાગણ વદ ચૌદશ ૧૯૯૮

મનુભાઈ પંચોળી
મુખ્ય શિક્ષક

નાનાભાઈ ભટ્ટ
નિયામક

## સમાજ જ વિશ્વવિદ્યાપીઠ

આ અરસામાં મનુભાઈએ મને પૂછ્યું કે "સંસ્થામાં ફળઝાડનો બગીચો તૈયાર કરવો છે. તમારે બાગવાન તરીકે જોડાવું છે ?" મેં તો તરત પાડી હા. આ પણ સમાજસેવાનું જ કામ છે ને ! મને થયું કે ઠીક આ વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મળી ગયો ! દિવસે મજૂરો પાસે બાગકામ કરાવું અને રાત્રે ગામમાં જઈને તેમને ભણાવું. આવું ચાલ્યા કરે. આમ શિક્ષણની મારી કારકિર્દીનો પ્રારંભ થયો પ્રૌઢશિક્ષણકાર્યથી.



કવિની સર્જક પ્રતિભા

નામ : ગણેશભાઈ શાર્દૂલભાઈ ડાભી
ઉપનામ : 'વત્સલ'
જન્મ તારીખ : ૦૫-૧૨-૧૯૨૫
મૂળ વતન : પાણિયાળી, તા. તળાજા, જિ. ભાવનગર.

હાલનું સરનામું : ઠે. શાંતિવન સોસાયટી, પ્લોટ નં. ૨૫૪૦, કૃષ્ણનગર, 'મીરાંકુંજ'ની સામે, શહેરફરતી સડક, દુઃખી શ્યામબાપા સર્કલ પાસે, મુ.પો. ભાવનગર-૩૬૪૦૦૨.
સંપર્ક : (મો) ૯૮૨૫૭ ૩૬૯૮૪
અભ્યાસ :
• શિક્ષણ વિશારદ (ડિપ્લોમા ઈન બેઝિક એજ્યુકેશન) રાજપીપળા, (૧૯૬૧)
• લોક શિક્ષણ સ્નાતક-લોકભારતી - સણોસરા, (૧૯૫૬)
• લોકશાળા-વિનીત- ગ્રામ દક્ષિણામૂર્તિ-લોકશાળા, આંબલા, (૧૯૪૨)

વ્યાવસાયિક કારકિર્દી :
૧. બાગબાન : ગ્રામ દક્ષિણામૂર્તિ - લોકશાળા, આંબલા (૧૯૪૪ થી ૧૯૪૬)
૨. આચાર્ય અને ગૃહપતિ : સાર્વજનિક કુમાર છાત્રાલય, વરતેજ (૧૯૪૯ થી ૧૯૫૨)
૩. આચાર્ય : ગ્રામ દક્ષિણામૂર્તિ - લોકશાળા, મણાર (૧૯૫૬ થી ૧૯૬૯)
૪. આચાર્ય : બુનિયાદી અધ્યાપન મંદિર-લોકભારતી, સણોસરા (૧૯૬૯ થી ૧૯૮૪)

પ્રકાશિત સાહિત્ય :
૧. પ્રગટ થયેલાં બાલગીતો : ઊર્મિ નવરચના, બાલમિત્ર, કોડિયું વગેરે સામાયિકોમાં છેલ્લાં પચાસેક વર્ષથી પ્રગટ થતાં રહ્યાં છે.
૨. મધમાખી વિશે જાણવા જેવું : (પરિચય પુસ્તિકા) પરિચય પુસ્તિકા ટ્રસ્ટ પ્રકાશન, (૧૯૬૦)
૩. શિક્ષણની સામાન્ય પદ્ધતિઓ અને પ્રાથમિક શિક્ષણના આધુનિક પ્રવાહો : જયભારત પ્રકાશન, (૧૯૭૩)
૪. શાળા પ્રશાસન : સંચાલન અને આરોગ્ય : જયભારત પ્રકાશન, (૧૯૭૩)
૫. ભણતાં રહીએ : પ્રૌઢ શિક્ષણ સાહિત્ય ) લોકભારતી પ્રૌઢ શિક્ષણ યોજના દ્વારા પ્રકાશિત, (૧૯૭૯)
૬. અમી ઝરણાં : (ભાગ-૧, શ્રોતજ્ઞાન કાર્યક્રમ) લોકભારતી પ્રૌઢ શિક્ષણ યોજના દ્વારા પ્રકાશિત, (૧૯૭૮)
૭. અમી ઝરણાં : (ભાગ-૨, શ્રોતજ્ઞાન કાર્યક્રમ) લોકભારતી પ્રૌઢ શિક્ષણ યોજના દ્વારા પ્રકાશિત, (૧૯૭૯)
૮. લખતાં આવડી ગયું : (પ્રૌઢ શિક્ષણ સાહિત્ય) લોકભારતી પ્રૌઢ શિક્ષણ યોજના દ્વારા પ્રકાશિત, (૧૯૭૯)
૯. કાષ્ઠે ફૂટ્યાં કુંપળ : (ઝાડનાં પારખા ફળ પરથી શ્રેણી) (આત્મ કથાનક) લોકભારતી પ્રકાશન (૧૯૮૩)
૧૦. અમીવર્ષા : (કાવ્ય સંગ્રહ) (૧૯૮૯)
૧૧. પ્રસાદી : (કાવ્ય સંગ્રહ) (૨૦૦૯)
૧૨. પંખી બની આવજો : (બાલગીત સંગ્રહ) આપના હાથમાં, (૨૦૧૧)
૧૩. આગામી પ્રકાશન :(ગઝલ સંગ્રહ)

ઋણ સ્વીકાર :
ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર)ની આર્થિક સહાયથી પ્રકશિત

રાત્રીશાળામાં ભણવા આવનારા તો બધા મોટી ઉંમરના એટલે એને દુહા ચોપાઈ સોરઠા-સાખી વગેરે ગમે. અને અવનવાં લોકગીતોય ખૂબ ગમે. શરૂઆતમાં આ બધું ચાલે. પછી વળી ગિજુભાઈની "ચાલો વાંચીએ" ચોપડીમાંથી વાંચતાં શીખવતો. છેલ્લે છેલ્લે વળી થોડાં ભજનકીર્તન પણ જામે. કેટલાક જિજ્ઞાસુ જુવાનિયા વળી અલકમલકના બનાવોની વાતો કરવાય રોકાય. આ કાર્યનાં મધુરાં સંસ્મરણો હજીયે આનંદ આપ્યા કરે છે. મારો એ અનુભવ છે કે આ જુવનિયાઓને ભણવામાં બહુ મઝા પડતી. તેઓ છેક લાણીના દિવસોમાંય ભણવા આવતા. કામના દિવસોમાં રજા પાડવાની વાત કરતો ત્યારે તેઓ કહેતા કે થાક તો અમને લાગે છે ને ! અમને માંડ ભણવાની તક મળી છે એટલે અમે તો ભણવા આવશું જ.

સંસ્થાના વાર્ષિક ઉત્સવો એ અમારા પ્રેરણાના દિવસો. ઉત્સવના આ દિવસે ભરચક મેદનીને સંબોધતાં નાનાભાઈ કહેતા કે હું અહીં નોકરિયાતો તૈયાર કરતો નથી. હું તો સંસ્કારી શ્રમજીવી નાગરિકો તૈયાર કરું છું, જે અહીં ભણીને ગામડાંના લોકોની વચ્ચે સંસ્કારી શ્રમજીવી નાગરિક તરીકે જીવે અને ગામડાંઓને જે જે બાબતમાં અન્યાય થયો છે તે તે બાબતમાં તેને ન્યાય અપાવવા તે જીવનભર ઝઝૂમે. જેઓ ગામડામાં ઊગ્યા-નીપજ્યા છે તેઓ જ ભણી ભણી-ગણીને પાછા ગામડાંઓમાં જશે અને તેઓ જ ગામડાંઓના વકીલ બનીને અન્યાય નિવારણ કરશે ત્યારે જ ખરા અર્થમાં ગામડાંઓનો પ્રશ્ન હલ થશે. આજે તો ગામડાંઓનું ધોવાણ થતું ચાલ્યું છે. જરાક ભણ્યો એટલે તરત શહેર ભણી. પછી ગ્રામનેતાગીરી ઊભી થાય શી રીતે ?

નાનાભાઈની આવી બધી વાતો મારા મનમાં આકર્ષણ જમાવ્યે જતી હતી. એટલે મેં નક્કી કર્યું કે મારે મારી ખેતી ઉપર જઈને આત્મનિર્ભર થવું. નાનાભાઈએ આ વિચારને મહોર મારી એટલે હું સંસ્થામાંથી છૂટો થઈને મારા ગામ રહેવા ગયો. મારા બાપાને આ ન ગમ્યું. તેમને મનમાં એમ હતું કે કાંઈક ખેતીમાંથી આવક આવશે અને કાંઈક છોકરો પગાર લાવશે એટલે ગાડું ગબડશે. પણ આ તો તેમની ધારણાથી ઊલટું બન્યું. મનમાં એક બાજુ સંસ્કારી શ્રમજીવી નાગરિક બનવાની મહેચ્છા અને બીજી બાજુ જીવનની આ વાસ્તવિકતા; પણ મેં તો ભગવાનનું નામ લઈ ને ઝંપલાવ્યું. કુટુંબ સાથે એકરસ થઈને ખેતીનું કામ ઉપાડવા માંડ્યું. દિવસે ખેતીકામ , રાત્રે પ્રૌઢશિક્ષણ કામ , ઉપરાંત મુંબઈ ગ્રામસેવા સમાજ તરફથી નાનકડું દવાખાનું શરૂ કર્યું. દુષ્કાળ પડ્યો એટલે ગામનાં ઢોર માટે નીરણકેન્દ્ર પણ શરૂ કર્યું. લોકોનો સદભાવ સાંપડતો ગયો.




**દુષ્કાળમાં રાહતકાર્યો કરાવ્યાં**

મારો મોટો ભાઈ સાવકો. કુટુંબ તરફથી કાંઈક ભેદભાવ રખાય છે તેવું મને લાગ્યા કરતું એટલે હું અને મારો મોટો ભાઈ કુટુંબમાંથી જુદા થયા. કુટુંબે અમને થોડી જમીન આપી પણ ભાગીદાર થવા સૂચવ્યું. એટલે નાનાભાઈ , મનુભાઈ અને માટલિયાભાઈએ કરજ ચૂકવવા થોડી રકમની જોગવાઈ પણ કરી આપી. અમે ખેતીમાં પુરુષાર્થ આદર્યો. તે વરસે શેરડી સરસ થઈ.

મારાં બા-બાપુજી તરફની કર્તવ્યભાવના પણ અદા કરવાની હતી. મારાં પત્ની અને હું ખેતીકામ કરીએ. ઉપરાંત બા-બાપુજીનેય મદદ કરીએ. આમ અમારી શક્તિની છેલ્લી પરિસીમા સુધી પુરુષાર્થી બનવાની તક ઊભી થઈ. અમે આ રીતે બેવડું કામ કરતાં તેથી અમારાં સ્નેહી સંબંધી સૌ અમારી સામે જોઈને મોં મરકાવીને કહેતા જાય , લો રાખો હવે; પછી પાછા થાકી જશો. કોઈ મશ્કરા મિત્રો વળી એમ પણ કહેતા જાય કે "એ...ય ! આટલું બધું ભણ્યો ને પછી આવી મહેનત કરાય ? પોરો ખા, પોરો ખા. એ તો કરશે ઘરનાં બીજાં બધાં ". સૌને નવાઈ થતી કે આવો ભણેલો ગણેલો માણસ અમારા જેવાં અભણની જેમ પરસેવો તે શું કામ પાડતો હશે ?

“વધુ અનાજ પકવો”ની ઝુંબેશ નીચે ભાવનગર રાજ્યે મને જમીન આપી.


COURT FEE INDIA 20 N.P.
COURT FEE INDIA 25 N.P.
COURT FEE INDIA 65 N.P.

322

ગ્રો મોર ફૂડ યોજનાની મળેલી જમીનનો રેકર્ડ



મળેલી જમીન પર, જાત મહેનત જિંદાબાદ !

જમીન ખેડવાનું અમે શરૂ કર્યું પણ પડખેના વધારે જમીન ધરાવનારાઓએ ધમકી આપવા માંડી , “ખેડશો નહીં જમીન. ખેડશો તો જોયા જેવી થશે. લોહીની નદીઓ વહેશે ” વગેરે. પણ અમે એમ ડરીએ તેવા નહોતા. ગામના મોટેરાઓ અમારી પડખે હતા. હા , કોઈ કોઈ પેલાની શેહ નીચે હતા. તેઓ અમને કહેતા કે “આવા લોકોની સામે તમે ક્યાં ટકી શકવાના હતા ? તમારે રાતવરત સીમસીમાડે જવું અને તમે આ જોખમ ક્યાં વહોર્યું ?” પણ અમે તો તેમને કહેતા કે તમને એવું લાગે તો તમે અત્યારે જ અમારા નામની પછેડી ઓઢી લો. – તમારે તે દિવસે ખરખરો કરવા આવવાનું મટે. આખરે જમીન તો ખેડી જ. એટલે પેલા કહે : જમીન ભલે ને ખેડી પણ હવે વાવી તો લેશે ને ? – વાવણી પણ થઈ ગઈ. તો પેલા કહે : વાવણી ભલેને કરી પણ હવે લણી તો લેશે ને ? અને એક વાર તેનાં બધાં ઢોર અમારી મોલાતમાં મૂકી દીધાં ! અમે તે દિવસે તો ખામોશી રાખી , પણ બીજે દિવસે પોલીસથાણે ફરિયાદ નોંધાવી. પેલાને ખ્યાલ આવ્યો કે આ તો ભારે દંડ થાય તેમ છે. એટલે તેમના વડીલ આવ્યા અને કહે ભાઈ , આ અમારે છોકરે કમત કરી અને તમારી મોલાત ચારી. અને અમથા અમથા આપણા સંબંધ બગાડ્યા. મેં તો એને બહુ ઠપકો આપ્યો. આપણે પંચ રૂબરૂ સુલેહ કરીએ. – પંચ રૂબરૂ સૌ સંપ-સુલેહ પર આવ્યા.



## ખેડૂતોની સભા

જમીન સાવ ખરાબાની જતી. વચ્ચે વચ્ચે પથરા હતા. તે મહેનત કરીને કાઢ્યા. ખાડા હતા તે પૂર્યા. જમીન સમતળ બનાવી. પાળા બાંધ્યા. દિવસો સુધી બહારથી કાંપ લાવીને પૂર્યો. વાડ કરી. કૂવો કર્યો. ગામની સારી જમીનની હરોળમાં ઊપજ આપી શકે તેટલી ઉત્પાદનક્ષમતા કેળવાણી. નવાં નવાં હાઈબ્રીડ બિયાં આવવા માંડ્યાં. સુધરેલ ઢબે વાવેતર થવા માંડ્યું. સમયસર માવજત થવા માંડી. રાસાયણિક ખાતરો અને જરૂરી દવાઓના ઉપયોગથી આંખ ઠરે તેવો મોલ થવા માંડ્યો. તે વખતે અમારા ગામની ખેતીમાં હજી આવા સુધારા આવ્યા નહોતા. એટલે ખેડૂતોને આ બધી નવાઈ લાગતી. તેઓ આંટો મારવા નીકળતા અને અમારી સુધરેલી ખેતીનાં પરિણામ જોયા કરતા.

આ નવી જમીન મને મળી એટલે અમારા કુટુંબની જૂની જમીન પરનો મારો અધિકાર મેં જતો કર્યો. કહ્યું કે કુટુંબે મને ભણાવ્યો એટલે ભણતર પણ મારું અને મિલકત પણ મારી એવું મારે નથી કરવું. વડીલોપાર્જિત જમીન મેં મારા ભાઈઓને વહેંચી આપી. મકાન પણ ભાઈઓને જ આપી દીધું. મેં તો વાડીએ નાનકડું મકાન જાતમહેનતથી બાંધી લીધું. અને અમારું ગાડું ગબડ્યું. તે પછીના વરસે ચોમાસામાં અતિવૃષ્ટિ થઈ. ખેતીમાં ખાસ કાંઈ પાક્યું નહીં એટલે ખેતી ભાઈને સોંપીને પહોંચી ગયો આંબલા અને સંસ્થાના બગીચાનો બની ગયો બાગવાન. અને વળી પાછી જૂનાજુવાનિયા મિત્રો માટે શરૂ કરી દીધી રાત્રિશાળા. ખેતીકામ અને શિક્ષણ બંને ચાલ્યા કરે.

## વિદ્યાનું વિતરણ વરતેજ આશ્રમે



**વરતેજ આશ્રમે ડાભીદંપતી**

નાનાભાઈના આટલાં વરસોના શિક્ષણકામનો હું સાક્ષી. સંસ્થાના વાર્ષિક સમારંભોમાં નાનાભાઈ પોતાના દિલની ઉચ્ચતમ લાગણીઓનો ધોધ વહાવતા. તેઓ કહેતા : હું તો બ્રાહ્મણ રહ્યો. વિદ્યાનું વિતરણ કરવું તે મારો ધર્મ છે. હું વિદ્યાનું વિતરણ ન કરું. તો બ્રહ્મરાક્ષસ ઠરું. હું આ કામ તો મારા મોક્ષ માટે કરું છું.

કોણ જાણે કેમ પણ મનેય આવા શિક્ષણકાર્યમાં પડવાની ઇચ્છા થયા કરતી. હું એ પણ જાણતો હતો કે શિક્ષણકાર્યમાં પડવા જેટલું ખુદ મારું પોતાનું શિક્ષણસ્તર નથી. પણ અદમ્ય ઇચ્છાની પાછળ લાચાર ! મનુભાઈ આ વાત જાણતા હતા. એમણે એક વાર મને પૂછ્યું ; સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ વરતેજનો હરિજન આશ્રમ ફરી વાર શરૂ કરવા ધારે છે. તે સંભાળવા તમારે જવું છે ?– મેં તરત તક ઝડપી લીધી.

હું અને મારાં પત્ની બન્ને આશ્રમ જોવા ગયાં. છેલ્લાં કેટલાક વરસથી આશ્રમ ધણીધોરી વગરનો પડ્યો હતો. કેટલાક બાવાઓ ધૂણી ધખાવીને પડ્યા હતા. આશ્રમને અઘોરીનો અખાડો કરી મૂક્યો હતો. આ બાવાઓ અમારી સામે ટગર ટગર તાકી રહ્યા ! તેમણે જાણ્યું કે અમે આશ્રમ સંભાળવા આવ્યાં છીએ એટલે બોલ્યા કે 'અહીં તો રાત્રે પથરા પડે છે. અહીં કોઈની સલામતી નથી.' એમને અમે કહ્યું કે અમે તો એવું જ ઠેકાણું ગોતતાં ફરીએ છીએ. અમે થોડા દિવસમાં સરસામાન સાથે ત્યાં પહોંચી ગયાં !

આંબલામાં તો નાનાભાઈ , મનુભાઈની છત્રછાયા. વરતેજમાં તો હું એકલદોકલ ! એમાંય મારો પ્રવીણ બીમાર પડ્યો એટલે ગામમાં દૂધ લેવા ગયો. સૌ પૂછે , ક્યાં રહો છો ? હરિજન આશ્રમમાં ને ? દૂધ નહીં મળે. કેટલુંય રખડ્યો. છેવટે એક ઠેકાણેથી બકરીનું દૂધ મળ્યું. દુકાને ચીજવસ્તુ લેવા નીકળ્યો, કોઈ વસ્તુ ન આપે. ક્યાંક વળી કોઈક દુકાનેથી જરૂરી વસ્તુ મળી જાય એટલે અર્થ સરે.પંદર જેટલા હરિજન છોકરાઓને આશ્રમમાં દાખલ કર્યા. મારાં પત્ની રસોઈ કરીને જમાડે. હું તેને ભણાવું. સમયના વહેણમાં આટલાં સંસ્મરણો યાદ રહ્યાં. છોકરાઓને ભણવામાં બહુ આનંદ આવાતો. મનેય ભણાવવામાં ઑર આનંદ. દર છ મહિને નિરીક્ષકને બોલાવીને છોકરાઓની પરીક્ષા લેવડાવતો. નિરીક્ષક અભિપ્રાય આપતા : "છોકરાઓનું શિક્ષણ ઘણું સરસ છે." આમ દર છ મહિને નિરીક્ષકને બોલાવી પરીક્ષા લેવડાવતો. બધી જ વખત નિરીક્ષક સંતોષ વ્યક્ત કરતા. દોઢ વરસમાં તો જે છોકરાઓ બીજા ધોરણમાં હતા તે પાંચમા ધોરણમાં આવી ગયા. બધે વરસ દિવસે પરીક્ષા લેવાય અને અમારે ત્યાં વરસમાં બે વાર પરીક્ષા. દોઢ વરસને અંતે તે છોકરાઓને હું ખડસલી લોકશાળામાં દાખલ કરી આવ્યો. તે પછી તેઓ આંબલા લોકશાળામાંય ભણ્યા અને લોકભારતીમાંય ભણ્યા. અત્યારે તેમાંના મોટા ભાગના સરસ રીતે જીવી રહ્યા છે તેનો સંતોષ છે.

સ્વરાજ્ય પછી તો ક્યાંક ક્યાંક હરિજન વિદ્યાર્થીઓ સરકારી શાળામાંય ભણતા થયા હતા. એટલે આશ્રમના વિદ્યાર્થીઓને પણ સરકારી શાળામાં પ્રવેશ અપાવવા અમારી ઇચ્છા હતી. અમે આ વિચાર શ્રી ઠક્કરબાપા પાસે મૂક્યો. તેમણે ઘડીભર તો કહ્યું કે "સરકારી શાળામાં આશ્રમના જેવું સારું શિક્ષણ કોણ આપે છે ? એટલે મારું મન તો માનતું નથી". પણ મેં કહ્યું કે ઠક્કરબાપા, આપની વાત સાચી; પણ હવે તો ભારતભરતમાં હરિજન બાળકોને તે અધિકારથી વંચિત કેમ રાખવા ? ઠક્કરબાપાએ છેવટે અમારી વાત સ્વીકારી.શરૂઆતમાં બે વિદ્યાર્થીને શાળામાં લઈ ગયા. ત્યાં તો હડ્ડ્ડ હટ કરતાંક ને છોકરાઓ નિશાળમાંથી બહાર ! અને શાળા ઉપર શરૂ કર્યો પથ્થરમારો ! આચર્ય તો બિચારા ગભરાઈ જ ગયા. તેઓ તો શાળાનાં બારણાં બંધ કરવા માંડ્યા. અમે બારણાં ખોલાવ્યાં અને બેધડક સૌની સામે ઊભા રહ્યા. એટલે છોકરાઓ સૂત્રો પોકારવા માંડ્યા. "હરિજન નિશાળમાં ન જોઈએ. હરિજન નિશાળમાં ન જોઈએ. " સૂત્રો પોકારતાં પોકારતાં ગામની શેરીઓમાં બધે ફર્યા. ચાર દિવસ સુધી આમ ચાલ્યા કર્યું. હરિજન વિદ્યાર્થીઓને લઈને અમે જઈએ અને છોકરાઓ હડડડ હટ કરતાંક ને બહાર નીકળી જાય. શેરીએ શેરીએ સૂત્રો પોકારતાં ફરે. એમાં વળી

બાંગરિયાં તત્ત્વોય ભળ્યાં. એકે તો કહ્યું છે ક્યાં કે એ આશ્રમનો માસ્તર ? ચાર દિવસમાં હતો-નહોતો થઈ જવાનો છે !આંબલામાં મનુભાઈને ખબર મળ્યા એટલે તેઓ આવ્યા. તેમણે જોયું કે વાતાવરણ ભારે તંગ છે. તેમણે કલેક્ટરને ખબર આપ્યા. ડી.વાય.એસ.પી. પોલીસ પાર્ટી સાથે આવ્યા. સમાજ કલ્યાણ અધિકારીય આવ્યા. રાજકોટથી હરિભાઈ રાણા અને વજુભાઈ શાહ પણ આવ્યા.મનુભાઈએ સલાહ આપી કે ગણેશભાઈ ! હમણાં અહીં મામલો તંગ છે ત્યાં સુધી તમે ભાવનગર આશ્રમ સંભાળો. ત્યાં સુધી અહીંનું કામ જુગલભાઈ મહેતાને સોંપીએ. પણ મેં કહ્યું કે મનુભાઈ, એ કેમ બને ? હું ડરીને ભાવનગર જાઉં એ બરાબર નથી. તેમણે કહ્યું , તારો વિચાર તો સાચો છે.

વજુભાઈએ તે રાતે વરતેજના ચોકમાં જાહેરસભા યોજી. ભરચક લોકમેદની. વજુભાઈનો વાણીપ્રવાહ શરૂ થયો. "આપણા રાજબંધારણમાં હરિજન છોકરાને નિશાળમાં ભણવાનો અધિકાર આપવામાં આવેલ છે. આ અધિકારથી તેને વંચિત રાખવો તે ગુનો છે. આશ્રમમાં કામ કરનાર શિક્ષક ભાઈ ગણેશભાઈને ભારતના બંધારણનો ટેકો છે. તેને હતા-નહતા કરી દેવાની કોઈ ધમકી આપે તે મૂર્ખામી છે. ગણેશભાઈની પાછળ તો એ વિચારમાં માનવાવાળા અનેક સેવકોની ફોજ ખડી છે. તેમને હતા-નહતા કરી દેશો તો તેમની જગાએ બીજા અનેક સેવકો આવી પહોંચશે. પણ મિત્રો સમજી લો , આવું કશું કરનારા તો ક્યાંક ઘડીના છઠ્ઠા ભાગમાં જેલના સળિયા પાછળ ધકેલાઈ જશે. ગામના સમજદાર મોટેરાઓને મારી સલાહ છે કે તેઓ આગેવાની લે અને છોકરાઓને વાજતેગાજતે નિશાળમાં લઈ જાય. " અને અમારા આશ્ચર્યની વચ્ચે ચાર આગેવાનો આગળ આવ્યા. તેમણે કહ્યું કે અમે આ વિદ્યાર્થીઓને વાજતેગાજતે નિશાળમાં લઈ જઈશું. આ પછી વાતાવરણ ફર્યું અને હરિજન વિદ્યાર્થીઓ નિર્ભયપણે નિશાળમાં જતા થયા.દરમિયાન વરતેજમાં એક નેત્રયજ્ઞ શરૂ થયો. આ નેત્રયજ્ઞમાં સેવા આપવા અમે એક બંધુમંડળ સ્થાપ્યું. જુવાનિયા સ્વયંસેવકોએ રાતદિવસ સેવા-સરભરા કરી. આ કામની સૌના ઉપર બહુ સરસ છાપ પડી. તે પછી તો વરતેજના કોઈ પણ જાહેર પ્રસંગમાં અમને નિમંત્રણ હોય , હોય ને હોય જ. અને યાદ છે એ પ્રસંગ. આગળ અભ્યાસ માટે મારે લોકભારતીમાં આવવાનું થયું. વરતેજના આગેવાનોએ મને ભાવભર્યું વિદાયમાન આપ્યું અને લાગણીવશ હૃદયે કહ્યું કે "ગણેશભાઈ આગળ અભ્યાસ કરવા

લોકભારતીમાં જાય છે એટલે અમે તેને રોકી શકતા નથી ; પરંતુ અભ્યાસ પૂરો કરીને તેઓ પાછા આશ્રમમાં કામ કરવા આવે તેવું અમે સૌ ઇચ્છીએ છીએ.”

## લોકભારતીમાં અભ્યાસ

લોકભારતીમાં અભ્યાસ કરવા માટેની મારી ઇચ્છા નારણદાસકાકા પાસે જ્યારે મૂકેલી ત્યારે તેમણે તે વાત જ સ્વીકારેલી નહીં. તેમણે તો કહી દીધું હતું કે "તમારે વળી અભ્યાસ કરવાની શી જરૂર છે ! તમે અભ્યાસ કરવા જશો તો આશ્રમનું કામ કોણ સંભાળશે ? તમે કહો તો તમને રૂ. 75ને બદલે રૂ. 100 પગાર આપીએ ; પણ આગળ ભણવાનો વિચાર માંડી વાળો. " પરંતુ તેમ છતાં મેં આગ્રહ રાખ્યો ત્યારે તેમણે કહ્યું કે "હું નાનાભાઈને કહીશ કે તમને લોકભારતીમાં દાખલ ન કરે. " પરંતુ મેં હસતાં હસતાં કહ્યું કે "કાકા, હું નાનાભાઈને કહીશ કે મને લોકભારતીમાં દાખલ ન કરે તો હું લોકભારતીને સીમાડે બેસીને વિદ્યા મેળવીશ." કાકાએ સંમતિ આપી અને આશીર્વાદ પણ આપ્યા. લોકભારતીમાં દાખલ થતી વખતે વળી બીજો એક પ્રશ્ન ઊભો થયેલો. લોકભારતીના એક કાર્યકર્તાએ મને કહ્યું કે "તમે વળી લોકભારતીમાં દાખલ થવા ઇચ્છો છો ! તમે તો પાંચ ચોપડી નિશાળમાં ભણીને ત્રણ વરસ આંબલા ભણ્યા. એ સંજોગોમાં તમે એસ.એસ.સી.વાળા સાથે અભ્યાસમાં કેમ પહોંચી શકશો ?" પરંતુ મેં કહ્યું કે "હું તો શિક્ષણ માટેની લાયકાત મેળવવા આવ્યો છું. એટલે તમને એમ લાગે કે અભ્યાસમાં હું એસ.એસ.સી.વાળાની જેમ જ પાર ઊતરું તો હું જાઉં ત્યારે મારા વાંસામાં સર્ટિફિકેટ ચોડી દેજો. હું માગીશ નહીં. એટલે પછી મને પ્રવેશ તો મળ્યો. અને સદ્દભાગ્યે સરળતાથી સેકન્ડ ક્લાસ મેળાવીને પાસ પણ થઈ ગયો.

લોકભારતીમાં વરસ દિવસ ભણ્યા પછી સવાલ આવ્યો. વરસને અંતે રૂપિયા બારસોનું કરજ થઈ ગયું. મારાં પત્ની તથા બે બાળકો વગેરેના ખર્ચનોય સવાલ હતો. તે બધાંને હું લોકભારતીમાં ભણવા આવ્યો ત્યારે જ સણોસરામાં સાથે લાવ્યો હતો. તેઓ સણોસરા ગામમાં રહેતાં. અમારી પાસે સરસ મજાની ગાય હતી. તેની માવજાત કરીને તેઓ ગુજરાન માટેની થોડી રકમ મેળવી લેતાં. મારી ખેતીમાંય તે વખતે પાણીના અભાવે ખાસ આવક આવતી નહોતી. અને એમાં ન કરે નારાયણ અને દુષ્કાળ થાય તો જે કાંઈ ખર્ચ કર્યો હોય તે પણ જાય તેવી સ્થિતિ હતી. આ સંજોગોમાં અભ્યાસ આગળ કેમ ચાલશે ? તેમ મનમાં થયા કરતું હતું. એટલે મનુભાઈને વાત કરી કે "મને કાંઈક કામ આપો. આવા નબળા આર્થિક સંજોગોને લીધે અભ્યાસ છોડવાનું મન થાય છે."

એમણે કહ્યું કે "અમે તો તમને સ્નાતક જ માનીએ છીએ. અઠવાડિયા પછી મળજો. તમને કામ જરૂર આપશું. "

મારાં પત્નીને આ વાતની ખબર પડી એટલે એમણે કહ્યું કે આવું તે કાંઈ કરાતું હશે ? હું છેવટે મજૂરી કરીશ; પણ તમારો અભ્યાસ તો પાર ઊતરવો જ જોઈએ. છેવટે અમે અમારી ગાય વેચી નાખી. ખેતીમાં સાધનોય વેચી નાખ્યાં અને કરજ ભરપાઈ કરી દીધું. અને મારાં પત્ની સંસ્થાના કોઠારે અને રસોડે મજૂરી કરીને ગુજરાન ચલાવતાં રહ્યાં.



**પત્ની નંદુબહેન**

આ અરસામાં વળી એક અણધારી ઘટના બની. હું સંપર્ક વિભાગના સમાચાર લેવા આંબલા ગયો. સાંજ વખતના કોઈ વાહન મળ્યું નહીં એટલે મોડી રાત્રેય પાછો ઘેર પહોંચી ન શક્યો. અને અહીં સણોસરામાં મારા ઘરની પછીતેથી ચોર લોકોએ બારી ખેંચી કાઢી અને ઊતર્યા અમાર ઘરમાં. ઘરમાંથી બધાં કપડાં-ઘરેણાં બધુંય ઉપાડી ગયા ! મોડી રાત્રેય વાહન ન મળ્યું એટલે હું તો સંસ્થાના ચોકમાં રેતીના ઢગલા ઉપર જ સૂઈ રહ્યો હતો. વહેલી સવારે સણોસરાથી એક ખેપિયો આવ્યો. તેણે મને ઉઠાડ્યો. એ ભાઈ ! ઊઠો. તમારા ઘરમાં ચોરી થઈ છે. હું તો પહોંચ્યો એકદમ સણોસરા. ઘરમાંથી બધી વસ્તુ ચોરાઈ ગઈ છે. અમે માત્ર પહેર્યે કપડે રહ્યાં. ખબર પડી એટલે મિત્રો આવ્યા. તેમણે એકેક જોડી કપડાં આપ્યાં ત્યારે અમે કપડાં બદલીને નાહી ધોઈ

શક્યાં ! પછી તો ભગવાનની કૃપાથી મિત્રોએ સામેથી પૂછીપૂછીને પૈસા ઉછીના આપ્યા ! આવી કઠણ સ્થિતિમાંય છેવટે મારો અભ્યાસ પાર ઊતર્યો ખરો.


શરૂઆતમાં તો લોકભારતીને સરકારી માન્યતાય નહોતી. એટલે લોકભારતીમાં ભણીને કોઈ સરકારી નોકરી મળશે તેવું તો કોઈ ખેંચાણ નહોતું ; પરંતુ શિક્ષણ એ એક ઊંચા પ્રકારનો જીવનધર્મ છે એટલે આવા જીવનમાં પડવા માટેની તાલાવેલી હતી. ગ્રામસંસ્કૃતિને પોષક એવી કેળવણીના કામના ઉમદા મનોરથો અમને સ્પર્શી ગયા ખરા. મનુભાઈ તો કહેતા કે “અમે તો ગુરુ દ્રોણનું પ્રાયશ્ચિત્ત કરી રહ્યા છીએ. ગુરુ દ્રોણે માત્ર રાજકુમારોને જ ભણાવ્યા. એકલવ્ય જેવાં લોકનાં બાળકોને તેણે અવગણ્યાં. અમે તો ગુરુદ્રોણની આ ભૂલનું પ્રાયશ્ચિત્ત કરી રહ્યા છીએ.”

અભ્યાસકાળ દરમિયાન નાનાભાઈ , મનુભાઈ મૂળશંકરભાઈ , બુચભાઈ એ સૌનો વિદ્યાર્થીઓ સાથેનો દિલભર સંબંધ અમે નિરંતર જોયો છે. આવા સંબંધ દ્વારા વિદ્યાર્થીને નિર્વ્યાજ પ્રેમ સાંપડે તો જ કેળવણીનાં સાચાં મંડાણ થાય. તે વાતની પ્રતીતિ અમને સહજ રીતે થતી જ રહી અને આવા સંબંધ દ્વારા વિદ્યાર્થીમાં પડેલી અભિયોગ્યતાને પારખીને તેની ખિલવણી કરવી તે જ શિક્ષક તરીકેનું પરમ કર્તવ્ય છે. તેવી જાગૃતિપૂર્વકની સમજણ અમે નિરંતર અનુભવી છે. મનુભાઈ અમારા ગુજરાતીનો વિષય લેતા. એક વાર તેમણે મને કહ્યું : ગણેશભાઈ ! તમે મધમાખીના જીવન ઉપર કાંઈક લખો ને ? મને તો આશ્ચર્ય થયું. પ્રથમ દૃષ્ટિએ એમ લાગ્યું કે મનુભાઈએ મને આવો મુદ્દો કેમ સૂચવ્યો હશે ? તેમણે તો ફરી વાર કહ્યું કે મધમાખી વિષે તમે લખો જ. મધમાખીનું જીવન અને કાર્ય ભારે અદભુત છે. લખવામાં તમને મઝા પડશે.

મેં તો મધમાખી વિષે જે કાંઈ ગુજરાતી , હિન્દી અંગ્રેજી સાહિત્ય પ્રાપ્ત થયું તે લઈને માંડ્યું વાંચવા. અંગ્રેજીમાં બહુ સમજણ ન પડે એટલે તેમાં મનુભાઈએ પ્રસંગ પડ્યે મદદ કરી. હું જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ મધમાખીના જીવન વિષે અહોભાવ અનુભવતો ગયો. અધ્યયનને અંતે જે લખાણ તૈયાર થયું તે પરિચય ટ્રસ્ટે “મધમાખી વિષે જાણવા જેવું ” એ મથાળા નીચે પુસ્તિકા પ્રગટ કરી. આ પુસ્તિકા એ મનુભાઈની મમતા અને માર્ગદર્શનનું જ પરિણામ છે.



**મધમાખીનો અભ્યાસ અને પુસ્તકરચના**





લોકશાળા અને લોકભારતી બન્ને સંસ્થાના સ્થાપનાકાળમાં જ મને ભણવાનું મળ્યું. આ ઘટનાને હું મારા જીવનનો લહાવો સમજું છું કારણ કે તેમણે જ્યારે આ સંસ્થાઓ સ્થાપી ત્યારે હજી સરકારે તેને માન્યતા નહોતી આપી. સમાજેય હજી તેનો પૂરો સ્વીકાર કર્યો નહોતો. આ સંજોગોમાં તેમણે આ બંને સંસ્થાઓ સ્થાપી અને ચલાવી. સમાજે અને સરકારે તો તેનો પાછળથી સ્વીકાર કર્યો. આ પ્રકારની તેમની કેળવણીનું દર્શન અને તેમની તાલાવેલી આ બધું અમે નિરંતર જોયું છે. આમ સ્થાપનાકાળના તેમના આવા મનોરથો સિદ્ધ કરવા માટેના પ્રયાસના સાક્ષી બનવાનું સદભાગ્ય મને મળ્યું છે.

## બગાસું ખાતાં પતાસું : મણાર લોકશાળામાં

લોકભારતીનો મારો અભ્યાસ પૂરો થવા ઉપર હતો તે વેળાએ મનુભાઈએ મને કહ્યું કે "ગણેશભાઈ ! અભ્યાસ પૂરો થાય એટલે તમારે મણારની લોકશાળા ચલાવવા જવાનું છે. મારે તો બગાસું ખાતાં પતાસું મોંમાં આવી ગયા જેવું થયું. અભ્યાસ પૂરો થયો. કે તરત બીજે દિવસે હું પહોંચી ગયો મણાર લોકશાળામાં.



**મણાર લોકશાળામાં સહકુટુંબ**



## મણારમાં સહકાર્યકરો સાથે

નવાંનવાં જ લોકશાળાનાં મકાન ! વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓ પણ નવા જ ! લોકશાળા માટે અનુરૂપ વાતાવરણ ઊભું કરવાનું. બાળકો હજી પહેલવહેલાં ઘરથી છૂટાં પડેલાં અને લોકશાળામાં આવેલાં , તેથી તેને મમતાપૂર્વક સાચવવાં-સંભાળવાં , તેમનું છાત્રાલયજીવન , શિક્ષણકાર્ય, ઉદ્યોગ, સમાજસેવાના કાર્યક્રમો વગેરે બધું જ નવેસરથી ઊભું કરવાનું.



**મણારનું રળિયામણું પરિસર**

પણ સહકાર્યકરો તરીકે કામ કરવા આવનાર બધા જ મિત્રો લોકશાળા અને લોકભારતીમાં પલોટાયેલા જ. મહદ્ અંશે મારા સહધ્યાયીઓ જ હતા !

કૃષિ ઉદ્યોગની પ્રક્રિયા આનંદદાયી બને , ઉદ્યોગ દ્વારા પ્રાપ્ત થતાં જ્ઞાન અને આવડત દ્વારા વિદ્યાર્થીઓનાં શરીર –મન અને આત્માનો સમતોલ વિકાસ થાય તે માટેની ભૂમિકા અમારે મિત્રોએ સર્જવાની હતી. હું તો મૂળેય ખેડૂત કુટુંબમાંથી આવેલો. લોકશાળા અને લોકભારતીમાં કૃષિવિદ્યાનું જ્ઞાન અને આવડત મને સહેજે સાંપડ્યાં હતાં. એટલે આચાર્ય તરીકેની મારી જવાબદારી અદા કરતાં કરતાંય હું અવારનવાર ઉદ્યોગનાં કામોમાં જતો. એથી સૌથી મોટો લાભ એ થયો કે વિદ્યાર્થીઓ સાથે નિકટનો સંબંધ કેળવવાનો મોકો મને મળ્યો. પ્રકૃતિના ખોળે ઉદ્યોગ કરતાં કરતાં સહજ રીતે વિદ્યાર્થીઓ કોળ્યમાં આવી વાતે વળગતા ત્યારે તેમના મનોભાવો સમજવાની ખરી તક ઊભી થતી. વિદ્યાર્થીઓને આવી રીતે મુક્તભાવે વાતો કરતા સાંભળ્યા વિના

અને તેની સાથે મુક્ત વિચાર-વિનિમય ચલાવ્યા વિના વિચારઘડતરની શક્યતા જ ઊભી થતી નથી તેમ આટલા અનુભવે અમને લાગ્યું છે.

આસપાસના લોકો જ્યારે વિદ્યાર્થીઓ-કાર્યકર્તાઓને આ રીતે રસપૂર્વક કામ કરતાં જોતા ત્યારે તેને સૌથી પહેલો પ્રતિભાવ એ થતો કે આ ઊપજ-નીપજ તો સંસ્થાની છે ; છતાં આ સૌ કેવા સંસ્થા માટે પરસેવો પાડે છે ! સ્વાર્થ માટેનો સૌ શ્રમ કરે જ છે ; પરંતુ પરાર્થે પરિશ્રમ કરનારા માણસો લોકોએ ભાગ્યે જ જોયા છે. તેથી લોકોને આ જોઈને ખરેખર અહોભાવ થતો જોવા મળ્યો છે.

સંસ્થા માટે આ જમીન જ્યારે વેચાતી લીધી ત્યારે વેચનારાઓએ એમ સમજીને વેચી કે આ ધોળા લૂગડાંવાળા શું ખેતી કરવાના ? અત્યારે આપો ને જમીન ! આ સંસ્થાવાળા થાકીને ભાગી જશે ત્યારે જમીન પણ રહેશે અને પૈસા પણ રહેશે. પરંતુ આસપાસના ખેડૂતો કરતાં સવાઈ ઊપજ-નીપજ સંસ્થામાં આવવા માંડી ત્યારે લોકોને થયું કે આ ધોળા લૂગડાંવાળાય ખેતી તો કરી શકે છે ખરા ! સંસ્થાના છાત્રાલયજીવનના કાર્યક્રમો , સાંસ્કૃતિક કાર્યક્રમો , સમાજસેવાના કાર્યક્રમો વગેરે જોઈને સંસ્થાના કામ પ્રત્યે કાંઈક સમજણ ધરાવનાર કેળવણીખાતાના જવાબદાર ભાઈઓ એમ કહેતા કે "તમારા વિદ્યાર્થીઓ સંસ્કાર અને મહેનતમાં ભલે ચડિયાતા હશે ; પણ તેઓ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ પાસે વિષયશિક્ષણમાં સાથે ઊભા ન રહી શકે." પરંતુ 1962-63થી એસ.એસ.સી બોર્ડે લોકશાળાના કૃષિગોવિદ્યા તથા સમાજનવરચના વગેરે વિષયો પણ સ્વીકાર્યા. તે પછી અમેય વિદ્યાર્થીઓને એસ.એસ.સી બોર્ડની પરીક્ષામાં બેસાડવા માંડ્યા અને પરિણામ 90 ટકાથી 100 ટકા આવવા માંડ્યું તેથી તે વાતની પણ ખાતરી થઈ કે આ વિદ્યાર્થીઓ સંસ્કાર કાર્યક્રમો , ઉદ્યોગ વગેરેમાં તો ઊંચી ગુણવત્તા બતાવી શકે છે.

1960-61માં એવો વિચાર આવ્યો કે હવે જ્યારે શિક્ષણમાં જ જીવન આપવાનું છે ત્યારે મારે રીતસર તાલીમ પણ લઈ લેવી જોઈએ. મેં રાજપીપળા જી.બી.ટી.સી.માં દાખલ થવા અરજી કરી. ત્યાંના પ્રિન્સિપાલ સાહેબનો પત્ર આવ્યો કે "તમે સૌરાષ્ટ્ર વિસ્તારના છો. તમારે ત્યાં માંગરોળમાં પણ જી.બી.ટી.સી. છે. તમે ત્યાં અરજી કરી હશે. તમે ત્યાં જ અરજી કરશો." મેં જવાબ લખ્યો કે "સૌરાષ્ટ્ર વિસ્તારની શિક્ષણસંસ્થાઓ મેં જોઈ છે. સૌરાષ્ટ્ર વિસ્તારના કેળવણીકારોના સંપર્કમાં પણ આવ્યો છું. હવે જ્યારે એક વર્ષ ઘર છોડીને બહાર નીકળવું જ છે , ત્યારે હું રાજપીપળા જ શા માટે

ન આવું ? મેં જ્યારે ત્યાં દાખલ થઈને પ્રિન્સિપાલશ્રીને પૂછ્યું કે મને આપે ઇન્ટરવ્યૂમાંય કેમ ન બોલાવ્યો ? ત્યારે તેમણે કહ્યું કે તમે મારા પત્રનો જે જવાબ આપ્યો તે ઇન્ટરવ્યૂ માટે પૂરતો હતો.

## જીબીટીસીની તાલીમ અને તેના જ અનુસંધાને એસબોર્ડના સભ્ય.સી.એસ. તરીકે નિમણૂક



**શિક્ષણ વિશારદ તાલીમાર્થીઓ સાથે**

હું તો મુકુંદભાઈ મુનિની ઓથેઓથે જી.બી.ટી.સી. થઈ જઈશ તેવી અપેક્ષાથી જી.બી.ટી.સી.માં દાખલ થયો હતો. પરંતુ મુકુંદભાઈ મુનિ લોકભારતીનું કામ છોડીને તે વરસે ત્યાં આવી શકે તેમ નહોતા. એટલે તેમનું આવવાનું બંધ રહ્યું અને હું તો દાખલ થઈ ચૂક્યો હતો. મારી સાથેના યુનિવર્સિટીના બી.એ. અને કેટલાક તો એમ.એ. થયેલાઓની સાથે અભ્યાસમાં હું પહોંચી શકું કે કેમ ? તે વાત હજી પૂરી સમજાતી નહોતી ; પરંતુ તાલીમને અંતે સેકન્ડ ક્લાસ તો હું રમતાં રમતાં આવ્યો ત્યારે મને મારા લોકશાળા અને લોકભારતીના અભ્યાસની કિંમત સમજાણી.

1962-63થી ગુજરાતની ઉત્તર બુનિયાદી શાળાઓ , લોકશાળાઓએ પોતાના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓએ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં બેસાડવા માંડ્યા એટલે એસ.એસ.સી. બોર્ડમાં આ ક્ષેત્રમાં કામ કરનાર બે સભ્યોને લેવાનો નિર્ણય થયો. મને અને નવલભાઈ શાહને એસ.એસ.સી.બોર્ડના સભ્યો તરીકે લેવામાં આવ્યા.



**એસ.એસ.સી.બોર્ડના સભ્યો તરીકે શ્રી નવલભાઈ શાહ તથા ગણેશભાઈ**

એક વાર બોર્ડની રાબેતા મુજબની સભાનું કામ પૂરું થયું. હળવી પળોમાં સભ્યો વાતે ચડ્યા ત્યારે મેં કહ્યું કે મને બોર્ડના સભ્ય તરીકે લેવામાં આવ્યો ; પરંતુ મેં પોતે એસ.એસ.સી.ની પરીક્ષા આપી નથી. એટલે સભ્યોને ખૂબ આશ્ચર્ય થયું.

1969થી લોકભારતી અધ્યાપનમંદિરના આચાર્ય તરીકે કામ કરવાની મને તક સાંપડી. આ કામ મારા માટે નવું હતું. તેથી કામને સમજવા અવારનવાર અધ્યાપક મિત્રો સાથે બેઠો. સમગ્ર અભ્યાસક્રમ, પ્રાયોગિક કાર્ય – ઉદ્યોગ, સમૂહજીવન અને સમાજસેવાની પ્રવૃત્તિઓ, સતત શિક્ષણ અને પ્રવાસ કાર્યક્રમો વગેરે વિષે વિસ્તૃત સમજ મેળવવા પ્રયાસ આદર્યો. અને આ બધું સમજી લઈને ધીરે ધીરે કામનો ઉઠાવ સરસ થાય તે માટે સતત મથામણ ચાલ્યા કરી. મારી સામે મહત્ત્વનો પ્રશ્ન એ હતો કે તાલીમાર્થીઓ શિક્ષણના સિદ્ધાંતો સમજી લે તે તો ઠીક , પણ સિદ્ધાંતોનો વ્યવહારમાં અમલ કેમ થઈ શકે તેનો પ્રત્યક્ષ અનુભવ અને વ્યવહારને જોડવાનું જેટલે અંશે વિશેષ તેટલે અંશે તાલીમ સાર્થક બને.

મારું ધ્યાન સૌથી પહેલાં અધ્યાપનમંદિર સાથે જોડાયેલ પ્રાયોગિક શાળાઓ ઉપર ગયું. આ પ્રાયોગિક શાળાઓમાં અનુભૂતિપૂર્ણ અધ્યયન પ્રક્રિયાઓ યોજવી અને અને આવી અનુભૂતિપૂર્ણ અધ્યયનપ્રક્રિયાઓ દ્વારા બાળકોના જીવનવિકાસ માટે તકો સાંપડે તો જ કાંઈક સંતોષ લઈ શકાય ને ? લોકભારતી પ્રાથમિકશાળામાં તો કાંઈકેય આવી તકો ઊભી થઈ શકી હતી ખરી ; પણ સણોસરા ગામની શાળામાં સહપ્રયાસે આવું કાંઈક ગણનાપાત્ર કામ થઈ શકે ? એ સવાલ હતો. હું તે શાળામાં ગયો. શિક્ષક ભાઈ-બહેનોને મળ્યો. તેમને પૂછ્યું કે આ શાળામાં નવો અભ્યાસક્રમ આવ્યા પછી

બાળકોના અભ્યાસમાં કાંઈ ગણનાપાત્ર સુધારો થયો ? તો જવાબ મળ્યો "શિક્ષકોને આ માટેનો ઉત્સાહ નથી. સરકાર તરફથી કંઈ સાધનોય મળતાં નથી. " આ જવાબજ મળશે તેનો મને ખ્યાલ હતો. મેં વાત આગળ ચલાવી કે બીજું બધું તો ઠીક પણ વિજ્ઞાનનો વિષય માત્ર ચોપડીઓ મારફતે કેમ શીખવાય ? આ વિષય તો પ્રયોગો-પ્રક્રિયાઓ દ્વારા અનુભવો આપીને જ શીખવી શકાય ને ? અને આવા પ્રયોગો-પ્રક્રિયાઓ માટેની જરૂરી તકો આ શાળામાં જ ઊભી થાય તો તમે રાજી છો ને ? સૌ આભાં બનીને આ વાત સાંભળી રહ્યાં !

હું શાળામાં જ રાતવાસો રોકાયો. ઘેર ખબર આપી દીધા કે મારો બિસ્ત્રો અહીં મોકલી આપજો અને જ્યાં સુધી હું ઘેર પાછો ન આવું ત્યાં સુધી મારા ભોજન માટે ટિફિન મોકલતાં રહેજો. મોડી સાંજે સૌ શિક્ષક ભાઈ-બહેનો વિજ્ઞાન શિક્ષણના આ તીવ્ર કાર્યક્રમની વાત સમજવા મારી પાસે આવ્યાં. વિજ્ઞાનનાં જે સાધનો સહજપ્રાપ્ત સામગ્રીમાંથી બનાવી શકાય તેમ હતાં તેની યાદી થઈ. દાખલા તરીકે કાચનો ગ્લાસ અને મીણબત્તી. બકનળી માટે પાતળી હોઝપાઈપ અને પાણીની ડોલ વગેરે વગેરે. અનેકવિધ સાધનસામગ્રીની મોટી યાદી તૈયાર થઈ. બીજે દિવસે અધ્યાપનમંદિરનાં તાલીમાર્થી ભાઈબહેનો અને અધ્યાપકો સૌ આવી પહોંચ્યાં. દરેક શ્રેણીનાં બાળકો સાથે તેઓ જરૂરિયાત અનુસાર ગોઠવાઈ ગયાં. બાળકોની કક્ષા અનુસાર પ્રયોગો-પ્રક્રિયાઓ માટેની સામ્રગી પસંદ કરીને સૌ ઉપયોગમાં લેવા માંડ્યાં. વિવિધ વનસ્પતિ , ખાતરો, બિયારણો, જંતુનાશક દવાઓ, જાતજાતની વનૌષધિઓ, જાતજાતની માટી તથા સાધનો-ઓજારો બધુંય આવ્યું અને ગોઠવાવા માંડ્યું. નવાં નવાં સાધનોનું નિર્માણ પણ થવા માંડ્યું. સુતાર-લુહારના છોકરાઓએ તેમાં પોતાની આવડત અજમાવવા માંડી. સહજ સૂઝથી જે તે પ્રયોગ-પ્રક્રિયાઓ માટે અણધારી છૂપી શક્તિઓ જાગૃત થતી જોવા મળી. એમ તો આસપાસની શિક્ષણસંસ્થાઓમાંથી સહેજે સાંપડે તેવાં સાધનોય મેળવી લઈ શકાય તેમ હતું જ ને ! ક્લાસર્જનની આવડતવાળાની વિશિષ્ટ આવડત પણ અહીં મદદે ચડી. અનેકવિધ પ્રયોગો-પ્રક્રિયાઓમાં બાળકો રસતરબોળ થવા લાગ્યાં. અનેકવિધ પ્રયોગ-પ્રક્રિયાઓ પાછળ છતાં થતા વિજ્ઞાનના સિદ્ધાંતો વિજ્ઞાન-પ્રદર્શન જોવા આવનારને બાળકો જ સમજાવવાનાં હતાં. એટલે બાળકોનેય રાતદિવસ એક કરીને બધું સરસ રીતે પાર પાડવાની ખેવના ઊભી થઈ હતી. બાળકોમાં આવું અણધાર્યું પરિવર્તન જોઈને શિક્ષકો અને વાલીઓ સૌ ખુશ થતાં હતાં. દસ-બાર દિવસમાં તો શાળાનું વાતાવરણ જીવંત બની ગયું.

## અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ કરાવી

વિજ્ઞાનમેળો ખુલ્લો મુકાયો. શાળાએ શાળાનાં બાળકો નિરંતર આવ્યે જતાં હતાં. આટલા દિવસો સુધી જે જે બાળકોએ કાંઈક ગણનાપાત્ર કામ કર્યું હતું તેબાળકોએ જ પ્રયોગો કરી બતાવવામાં અને તેમાં રહેલા વિજ્ઞાનના સિદ્ધાંતો સમજાવવામાં આગેવાની લીધી. પોતાનાં બાળકો કેવી સરસ પ્રક્રિયાઓમાં મસ્ત છે તે ગ્રામજનોએ જોયું. જે જે વાલીઓ જોઈ ગયાં તે તે બધાંએ બાળકો દ્વારા થતી કામગીરી અંગે અહોભાવ વ્યસ્ત કર્યો. દિવસે દિવસે જોવા આવનારાની ભીડ વધતી જ ગઈ. ખાતાના અધિકારીઓએય કહ્યું કે આ એક અનોખો પ્રયાસ છે. વિદ્યાર્થીઓ , શિક્ષકો, તાલીમાર્થીઓ સૌએ આ દિવસો દરમિયાન ગજાતૂટ કામ કર્યું અને છતાં સૌના સહિયારા પ્રયાસે આવી ગણનાપાત્ર સફળતા મળી તે વાતનો અનેરો આનંદ હતો.

તાલીમ કામ દરમિયાન એક બીજી વાત પર મારું ધ્યાન ગયું. તાલીમાર્થીઓ પ્રત્યક્ષ શિક્ષણકાર્ય માટે પ્રાયોગિક શાળામાં જતા ત્યારે નીચલી શ્રેણીનાં બાળકોને ભણાવવા ઝટ લઈને તૈયાર થતા નહોતા. મને થયું કે પાયાનું કામ કર્યા વિના ઇમારત કેમ બંધાય ? મને વિચાર આવ્યો કે બાલકક્ષા માટે આવશ્યક એવી બાલસહજ પ્રવૃત્તિઓનો મહાવરો આપવાની જરૂર છે. આ વાત જ્યારે સહકાર્યકરો પાસે મૂકી ત્યારે ઘડીવાર તો સૌને એમ લાગ્યું કે આવી બાલકક્ષાની પ્રવૃત્તિઓનો મહાવરો તો ખુદ આપણને પોતાને જ નથી. એટલે આ માટે વાતાવરણ કેમ તૈયાર કરવું ? પરંતુ આસપાસનાં બાલશિક્ષણમાં જેમણે વરસોથી કામ કર્યું હતું તેવા સ્નેહી મિત્રોએ આમાં સહભાગી બનવાનું ઊલટભેર સ્વીકાર્યું; તેથી મારું કામ સરળ બન્યું.

અમે તો બાલવાડી-શિબિર યોજી ચૂક્યા. બાલગીતો , બાલનાટકો, બાલકલા સર્જન , બાલવિજ્ઞાન પ્રક્રિયાઓ, બાલરમતો અને બાલશાળાનું પ્રત્યક્ષ સંચાલન વિવિધ જૂથમાં યોજાતું જ રહ્યું. છ દિવસ સુધી આ બધી પ્રક્રિયાઓનો મહાવરો વારાફરતી સૌને મળે તેમ ગોઠવ્યું. બપોરના સંમેલનમાં અભિનયગીતોની સામુદાયિક અભિવ્યક્તિ થાય અને દિવસભર તૈયાર થયેલ કાર્યક્રમોની રાતના સાંસ્કૃતિક કાર્યોમાં અભિવ્યક્તિ પણ થતી રહે તેવી ગોઠવણ કરી. આ સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળવા પરિવારનાં સૌ આવી પહોંચતાં. રાતના દસ દસ વાગ્યા સુધી આ કાર્યક્રમ જામતો. અને ભલભલાં મોટેરાંઓ પણ આ કાર્યક્રમો માણતાં માંણતાં પોતાની બાલ્યાવસ્થામાં મળવા જોઈતા

આવા કાર્યક્રમોની ખોટ જાણે પૂરતાં હોય , તેવાં રસતબોળ થતાં સૌ જોવા મળ્યાં. બાલશિક્ષણની મહત્તા તો આ સમગ્ર કાર્યક્રમમાંથી આપોઆપ સૌને સમજાઈ જતી. આ કાર્યક્રમ હવે તો કાયમી બની ગયો, અને આને લીધે તાલીમાર્થીઓ જ્યારે કામ ઉપર જવા માંડ્યા ત્યારે આવા વિશિષ્ટ શૈક્ષિણક કાર્યક્રમોમાં આગવું સ્થાન પ્રાપ્ત કરવા માંડ્યા.

અમારા અધ્યાપનમંદિરમાં પ્રવેશ મેળવવા દિવસે દિવસે ધસારો થતો ગયો. અમે તો બે જ વર્ગો ચલાવવાના મતના હતા. પણ લાયક ઉમેદવારોના ધસારાએ અમને વિચાર કરતાં કરી દીધા. શેત્રુંજી ડેમ પર મકાનો તો ઉપલબ્ધ હતાં. અધ્યાપન મંદિરની શાખા ત્યાં શરૂ કરવા વિચારણા શરૂ થઈ. સહકાર્યકરોએ આ વાતને વધાવી લીધી. અહીંના 80માંથી 40 તાલીમાર્થીઓ ત્યાં જાય તે જરૂરી હતું; પરંતુ લોકભારતીના આ વિકસેલા પ્રાંગણ પરથીછૂટાં પડીને નવા વિકસતા પ્રાંગણ પર તાલીમાર્થીઓ સહજ રીતે જશે કે કેમ તે પ્રશ્ન હતો પરંતુ ત્યાં કૃષિઉદ્યોગ માટે વિશેષ અનુકૂળતા હતી એટલે કૃષિ ઉદ્યોગના વિશેષ રસવાળા તાલીમાર્થીઓ આપોઆપ ત્યાં જવા તૈયાર થઈ ગયા. નવા સત્રે અરધા અધ્યાપકો અને તાલીમાર્થીઓ ત્યાં નવા પ્રાંગણ પર હોંશભેર પહોંચી ગયા. અને બન્ને પ્રાંગણ પર ચાળીશ ચાળીશ નવા તાલીમાર્થીઓની ભરતી કરી. આમ અધ્યાપન મંદિર હવેથી બે પ્રાંગણ પર કામ કરતું થઈ ગયું.



**શેત્રુંજી ડેમ અધ્યાપનમંદિર : મૂળશંકરભાઈ વગેરે સાથે**

બન્ને પ્રાંગણ પર એકેક ઉપાચાર્ય આચાર્યની જવાબદારી અદા કરે અને હું બન્ને પ્રાંગણ પર સહાયભૂત થતો રહું. આમ આચાર્યપદને અમે ત્રણ જણ વચ્ચે વહેંચ્યું એટલે અમારી શક્તિ ત્રેવડી બની.

વરસને અંતે શિક્ષણખાતાએ વાંધો લીધો કે આ રીતે અધ્યાપન મંદિરને તમે બે પ્રાંગણ પર ચલાવવા મંજૂરી લીધી નથી એટલે બે ક્લાસની ગ્રાન્ટ તમને નહીં મળે. એટલે હું અને સંસ્થાના સહનિયામક દલસુખભાઈ પટેલ બન્ને શિક્ષણ નિયામકશ્રીને મળવા ગયા. તેમનો પ્રશ્ન હતો કે અધ્યાપનમંદિર બે પ્રાંગણમાં ચાલે તો પછી આચાર્ય ક્યાં રહે ? એટલે મેં તેમને સમજાવ્યું કે હું તો બન્ને પ્રાંગણ પર અરધો અરધો સમય રહું છું અને બન્ને પ્રાંગણ પર સ્થાનિક કામની જવાબદારી અદા કરવા બન્ને જગાઓએ ઉપાચાર્યોની અમે નિમણૂક કરી છે. એટલે તેમણે કહ્યું કે તોઉપાચાર્યોને કશું એલાઉન્સ અપાશે નહીં. મેં કહ્યું કે સાહેબ ! અમે કાંઈ એલાવન્સ માટે કામ કરતા નથી. એટલું જ નહીં, આપ સાંભળી લો, હું આચાર્ય છું તેમ છતાં આચાર્યગ્રેડ પણ લેતો નથી. શિક્ષણખાતું ભલેને 100 ટકા ગ્રાન્ટ આપે તો પણ આવા વિશિષ્ટ પદના ગ્રેડ લેવાની પરિપાટી અમારી સંસ્થામાં નથી. અને આ નવા પ્રાંગણ પર કામની ગુણવત્તા નબળી લાગે તો ગમે ત્યારે આ પ્રાંગણ પરની ગ્રાન્ટ આપ બંધ કરી શકો છો. આટલી સ્પષ્ટતા પછી શિક્ષણ નિયામકશ્રીએ 1972ના શૈક્ષણિક વર્ષની પૂર્વ અસરથી લાગુ પડે તે રીતે મંજૂરી કાઢી આપી એટલે વળી અમારું કામ ચાલ્યું.

અહીં સીંચાઈની સગવડ સરસ ! એટલે કૃષિવિદ્યા ઉદ્યોગ માટે બહુ મોટી તક ! બાજુમાં ખેડાણ થાય તેવી પડતર જમીન પડી હતી તે અમે ખરીદી લીધી. આ જમીન ખરીદી ત્યારે લોકોએ અમને ચેતવ્યા કે આ તો નબળી જમીન છે , ખરીદશો ? ઉત્પાદન નહીં આપે. અમને થયું કે ત્યારે ફળદ્રુપ ન જ મળતી હોય તો જે મળે છે તે મેળવીને તેને ફળદ્રુપ બનાવવાનો કીમિયો અમારી પાસે ક્યાં નથી ? અમે તો આ જમીન ખેડી. સમતળ બનાવી. શ્રમયજ્ઞ યોજીને પાળા બાંધ્યા અને ડેમમાંથી કસદાર કાંપ 200 કેરિયર લાવીને જમીનમાં બધે પાથરી દીધો , એટલે જ્યાં વીઘે પાંચ મણ ઉત્પાદન થતું ત્યાં વીઘે પંદર-વીસ મણ ઉત્પાદન તો સહેજે લેતા થઈ ગયા.

એક વાર એવું બન્યું , તાલીમાર્થીઓએ પોતપોતાના પ્લૉટોમાં ઉત્તમ પ્રકારના ઘઉં સરસ રીતે ઉછેર્યા. નહેરનું પાણી તો જેટલું જોઈએ તેટલું મળે તેવી સ્થિતિ હતી પણ નહેર વિસ્તારમાં આવા મજમા ધોરિયા પરથી માથાભારે માણસો દાદાગીરી કરીને પોતાના પેટા ધોરિયામાં પાણી વાળી

જાય એટલે અમે સૌ અધ્યાપકોએ નક્કી કર્યું કે સંસ્થાના વારા વખતે કોઈ બળ અજમાવીને પાણી લેવા આવે તો તેને મચક જ ન આપવી. થોડી જ વારે એક ભાઈ આવીને શિરજોરી કરીને પાણી વાળવા માંડ્યા. એટલે અમે સૌ અધ્યાપકો એકી સાથે ધોરિયા પર પહોંચી ગયા. અને અમને મારી નાખવાની ગમે તેટલી ધમકી આપી તો પણ ત્યાંથી ન જ ખસ્યા. બધા તાલીમાર્થીઓ પણ ત્યાં આવી પહોંચ્યા. સૌએ એકીસાથે કહ્યું કે ભાઈ ! તમે પાણી નહીં જ લઈ જઈ શકો. સૌએ એક પ્રકારની ઠંડી તાકાત બતાવી. અને ધોરિયા ઉપરથી ન જ ખસ્યા ! એટલે પેલા ભાઈ કહે , તમારે ક્યાં આવક ઘરમાં આવે છે ? શીદને દુ:ખી થાઓ છો ? કહીને વળ ખાતા ચાલ્યા ગયા !

અધ્યાપનમંદિરના પ્રવેશનો સમયગાળો નાજુક. પ્રવેશ માટે અસાધારણ ઘસારો રહ્યા કરે. માત્ર એસ. એસ. સી.ના ટકા ઉપર જ પ્રવેશ અપાય તે અમને ઉચિત લાગ્યું નહીં. એસ. એસ સી.ના ટકા ગમે તેટલા ઊંચા હોય તો પણ શિક્ષક બનવા માટેની અભિયોગ્યતા તેનામાં હોય જ તેવું માનવાનું કોઈ કારણ નથી. જાહેર પરીક્ષાની વિશ્વસનીયતા પણ કેટલી તે પ્રશ્ન છે ને ! અને ક્યાંય પ્રવેશ નથી મળતો માટે પેસી જાઓ અધ્યાપનમંદિરમાં-એમ વિચારીને લાચારીથી પ્રવેશ મેળવનાર ઉમેદવારની તાલીમમાં અને તાલીમ પછીના તેના કામમાંય શી ભલીવાર હોય ? ખરી વાત એ છે કે કેળવણીના ક્ષેત્રમાં પડવા માટેની સમજપૂર્વકની તાલાવેલી જેનામાં હોય , બાળકો માટે પ્રેમભરી લાગણી હોય , સંગીત, ચિત્રકલા, વાર્તાકથન જેવી વિશિષ્ટ આવડત હોય , સમજપૂર્વકના પરિશ્રમ માટેની માનસિક તૈયારી હોય , વ્યક્તિ અને સમષ્ટિ પ્રત્યે ગુણગ્રાહી દૃષ્ટિ હોય, સામાન્યજન માટેની આર્થિક અને સામાજિક ન્યાયની વાતને સમજવાની કાંઈક ભૂમિકા હોય તેવા યોગ્ય ઉમેદવારોની અભિયોગ્યતા કસોટી લઈને ગુણાનુક્રમે પ્રવેશ આપવા માટેની વિશિષ્ટ પ્રવેશયોજના અમે વરસોના અનુભવે વિકસાવી અને પરંપરા અમે ઊભી કરી અને સરકારે તેને માન્યતા આપી.

આવી વિશિષ્ટ પ્રવેશયોજના અમારી સામે પડકારરૂપ બન્યા કરી. અને ઉચ્ચતર ધોરણો જાળવવાં તે તો પડકાર રૂપ જ બને ને ? લાગવગ ! લાલચ ! જે રીતે કાર્ય થાય તે રીતે. સૌથી પહેલાં લાગવગ. અમારે તો ફલાણા સાથે બહુ સારા સંબંધો. તેમણે કહ્યું કે જાઓ તમારું કામ થઈ જશે. તે પછી લાલચ – અને અમે કાંઈ નગુણા નથી. અમે તમે કહો તેમ વરતીએ તેવા છીએ. સંસ્થાને કાંઈક ડોનેશન તો અમારે આપવુંય જોઈએ ને ! અને ખબર પડે કે અહીં તો ડોનેશનની

વાતેય કોઈ સાંભળતું નથી ત્યારે પછી છેવટનો ઇલાજ. દાખલ નહીં કરી શકો એમને ! તો પછી અમારે ખાતાનાં બારણાં ખખડાવવાં પડશે. કહીએ કે અરે ભાઈ ! પણ આ ઉમેદવાર તો અમારી અભિયોગ્યતા ચકાસણીમાં બહુ કાચા પડ્યા છે. આટલું કહ્યા છતાંય ચક્કાવા લેતા ચાર ચાર , પાંચ પાંચ વાર આવે. અને કાં શું થયું , કાં શું થયું એમ કર્યાં કરે. અને કેટલાક તો તે પછી ઓશરીમાં બેસીને મૂકે પોક. આવું કાંઈક કાંઈક ચાલ્યા કરે ; પણ આ તો એક પાસાની વાત. આ વિશિષ્ટ અભિયોગ્યતાની ચકાસણીએ ચકાસીને ઉચ્ચતર ગુણાનુક્રમે પ્રવેશ આપવા માટેની આ યોજના વિષે અહોભાવથી જોનારાય ક્યાં ઓછા છે ? અને લાયક ઉમેદવારો વિના લાયક શિક્ષકો કેમ તૈયાર થાય ? આમ આ પ્રવેશગાળો અમારે માટે એક તેજાબી કસોટીવાળો સમયગાળો બની જાય છે.

## મધુરેણ સમાપયેત

એક હસવું આવે તેવો કિસ્સોય જરા કહી દઉં. મારા એક જૂના સહાધ્યાયી મિત્ર પોતાના દીકરાને દાખલ કરવા આવ્યા. તે વેળાએ તેમણે પચીસેક વરસ પહેલાં મારે માટે ઉચ્ચારેલા શબ્દો યાદ આવ્યા. હું શરૂ શરૂમાં સંસ્થામાં કામમાં જોડાયો હતો તે વેળાએ તેમણે કહ્યું કે "તેં સંસ્થાની કઢી ચાટી એટલે બહારનું તને કાંઈ ફાવે જ નહીં !" એટલે કે સંસ્થા છોડીને તને બહાર કામ કરવું ફાવતું જ નથી. તેમના છોકરાના પ્રવેશ વેળાએ મેં તેમના આ શબ્દો યાદ કર્યા ત્યારે તેમણે મરક મરક હસીને કહ્યું કે "ગણેશભાઈ ! તમારાં ચારે છોકરાં સંસ્થાના વાતાવરણમાં ઊછર્યાં. અને સંસ્કારી થયાં. સામાન્ય રીતે બાપનો ધંધો છોકરાંઓને ગમે નહીં ; પરંતુ તમારાં ચારે છોકરાં જી.બી. ટી.સી. થઈને શિક્ષણમાં પડ્યાં છે અને તેમાંય તમારો મોટો દીકરો પ્રવીણ તો વળી ગાંધી વિદ્યાપીઠના જી.બી.ટી.સી. વિભાગમાં સરસ કામ કરે છે. આ વાતનો જ્યારે વિચાર કરું છું ત્યારે મને લાગે છે કે ખરેખર તમે ખાટ્યા છો."



**સમગ્ર કુટુંબ**

*******************************

**બાળકોની મીઠી યાદ**







**પ્રવીણ આંબલામાં          પ્રવીણ લોકભારતીમાં   આશા**




ઇન્દુ      આશા અને અશોક મણારમાં



લગ્નજીવનનાં પચાસ વર્ષ કેક કાપીને ઊજવ્યાં !